# ધાનેરાના માલોત્રા ગામે તલના પાકમાં વિકાસ દવા નાખતા પાક બળી ગયો

## ધાનેરા ડુબ્લીકેટ બિયારણ, દવા, ખાતર ધૂમ વેચાણ તંત્ર મૌન : જનાક્રોશ

ધાનેરા તાલુકાના માલોતરા ગામે તલ ના પાક માં ખેડૂત દ્વારા પાક વિકાસ ની દવા નાખવામાં આવતા તલનો પાક બળીને ખાખ થઈ જતાં ખેડૂતને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો એક બાદ એક મુશ્કેલીનો સામનો ખેડૂતો કરી રહ્યાં છે કુદરતી હોનારત વરસાદી પૂરનું પાણી કોરોના જેવી વૈશ્વિક મહામારી જેવી અનેક સમસ્યા સાથે ખેડૂતો ઝઝુમી રહ્યા છે અને અવાર-નવાર ખેડૂતોને પણ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના માલોતરા ગામે રહેતા રત્નાભાઇ નામના ખેડૂત આક્ષેપ કરી રહ્યા છે કે તલમાં વિકાસ ની દવા નાખતા તાલ બાળીને ખાખ હૈ જવા પામ્યા છે રત્નાભાઇ નામના ખેડૂતે પોતાના બે વીધા જેટલા ખેતરમાં તલનો પાક આવ્યો હતો અને સારા વરસાદને લઈ તલનો પાક પણ સારો થયો હતો અને તલ ના પાક માં કોઈ જી વાત ન પડે તેમ જ તલનો પાક વિકાસ કરે તે માટે ખેડૂત દ્વારા ધાનેરાની એક દુકાનમાંથી દવા લાવી તલ ના પાક માં વિકાસની તેમજ જીવાત ની દવા નાખવામાં આવી હતી પરંતુ આ ખેડૂતે દવા નાખ્યા બાદ તલ પાકમાં જીવાત તેમજ વિકાસ થવાના બદલે તલનો પાક બળીને ખાખ થઈ ગયો છે ત્યારે આ ખેડૂતના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જતા ખેડૂતને મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે હવે તમે પણ સાંભળો શું કહે છે આટલુંખેડૂતો મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે કે આ દવા નાખ્યા બાદ તલનો પાક બળી જવા પામ્યો હતો અને સમગ્ર ઘટનાને લઈ અમે જે દુકાનેથી દવા ખરીદી તે દુકાન માલિકને પણ જાણ કરી હતી અને દુકાન માલિકે ખેતરમાં આવી સમગ્ર નિરીક્ષણ કર્યું હતું પરંતુ તે લાજવાના બદલે ગાજવા લાગ્યો હતો અને અમને ધમકી આપતા જણાવ્યું હતું કે તમારાથી થાય તે કરી લો તો બીજી તરફ ગ્રામજનો પણ આક્ષેપ કરી રહ્યા છે કે ધાનેરામાં ડુબલીકેટ બિયારણ ડુબલીકેટ દવા ડુબલીકેટ ખાતર નું ધૂમ વેચાણ થઈ રહ્યું છે જેથી કરીને ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે ત્યારે તંત્ર દ્વારા આવા દુકાનદારો સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી રહી છે.





આજ ગામમાં અગાઉ પણ ડુબલીકેટ બિયારણને લઈ ખેડૂતને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે ખેડૂતો તેમજ ગ્રામજનોની માંગ છે કે સરકારે તાત્કાલિક ધોરણે ખેડૂતો સાથે છેતરપિંડી કરનારા લોકોને દબોચી લેવા જોઈએ અને તેમની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ જેથી કરીને ખેડૂતોને આવનારા સમયમાં નુકસાન વેઠવાનો વારો ના આવે.

## ધાનેરા વિશ્રામ ગૃહની બાજુમાં જ નાના બાળકોનું શોષણ : બાળકો પાસે કરાવાય છે કાળી મજૂરી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં વિશ્રામ ગૃહની બાજુમાં જ કુમળા બાળકો પાસે કાલી મજૂરી કરાવવામાં આવતી હોય તેવા



દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે સરકાર બાળ મજૂરી અટકાવવા માટે અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે પરંતુ આજે પણ કેટલીક જગ્યા ઉપર કુમળા બાળકો શોષણ થતું હોય તેમ લાગી રહ્યું છે ધાનેરા સ્વરાજ હોસ્પિટલની આગળ અને વિશ્રામ ગૃહની બાજુમાં આજે નાના અને કુમળા બાળકો પાસે કાળી મજૂરી કરાવવામાં આવી રહી હતી ત્યારે ત્યાંથી પસાર થતા લોકોએ પણ આ દ્રશ્યો જોઈ સરકાર અને કોન્ટ્રાક્ટર સામે ફિટકાર વરસાવ્યો હતો. અમારી ટિમ ધ્વરા આ કામ બાબતે તાપસ કરાવતા આ કામ નગરપાલિકા નું ચાલી રહ્યું હતું અને રોડની સાઈડમાં બ્લોક નાખવાનું કામ હતું ત્યારે અમારી ટિમ ધ્વરા બાળ મજૂરો બાબતે નગરપાલિકાના અધિકારીઓનું પણ ધ્યાન દોર્યું હતું ત્યારે આ બાબતે તટસ્થ તાપસ કરાવી નાના અને કુમળા બાળકો પાસે કાળી મજૂરી કરાવનાર કોન્ટ્રાકર સામે પગલાં ભરાવમાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

## ભાણમેર ગામમાં પાડાએ ઈસમને ગંભીર ઈજાઓ પહોંચાડતા મોત નિપજ્યું

ભિલોડા,તા.૧૧

ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં નદી કિનારાના વિસ્તારમાં પાડાએ શિંગડા વડે એક ઈસમને ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. ભાણમેર ગામના ખેડુત કમજીભાઈ લાલજીભાઈ ડામોરએ જણાવ્યું હતું કે વનરાજભાઈ કમજીભાઈ ડામોર તેઓની બે ભેસો, બે નાની પાડીઓ તેમજ એક મોટો પાડો લઈને નદી કિનારાના વિસ્તારમાં ચરાવવા માટે ગયા હતા. મોટા પાડાએ શિંગડાથી વનરાજભાઈના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચાડતા તેઓનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

## આવતીકાલે બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાશે

### આવતીકાલે બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાશે, જોકે કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયતના વહીવટદારો જિલ્લા પંચાયત બચાવવા સભ્યોને અજ્ઞાત સ્થળે લઈ ગયા છે

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી આવતીકાલે યોજાશે અઢી વર્ષની ટર્મ પૂરી થયા બાદ આ ચૂંટણી યોજાસે. કોંગ્રેસ પાસે અત્યારે બનાસકાંઠા જીલ્લા પંચાયત છે અને તેને બચાવવા કોંગ્રેસે હવાતિયાં મારી રહી છે. આજે કોંગ્રેસના ૩૬ સભ્યોને કોંગ્રેસના જિલ્લાના આગેવાનો દ્વારા અજ્ઞાત સ્થળે લઈ જવાયા છે. ગઈકાલે બનાસકાંઠાની તાલુકા પંચાયતોના પરિણામ આવ્યા જેમાં દસ તાલુકા પંચાયત ભાજપના ફાળે ગઈ હતી માત્ર ત્રણ તાલુકા પંચાયત કોંગ્રેસને ફાળે આવી છે ત્યારે તાલુકા પંચાયતની સતા કોંગ્રેસ બચાવી શકી નથી અને જિલ્લા પંચાયત હવે બચાવવાની પેરવી કરી રહી છે ત્યારે સામે ભાજપ પાસે ૩૦ સભ્યોનું સંખ્યાબળ છે અને કોંગ્રેસ પાસે ૩૬ સભ્યોનું સંખ્યાબળ છે જોકે ભાજપ પણ જિલ્લા પંચાયત મેળવવા માટે તનતોડ મહેનત કરી રહ્યું છે જોકે અત્યારે તો જે કોંગ્રેસના જે સત્તાધીશો છે કોંગ્રેસના જિલ્લાના જે આગેવાનો છે તેમના ૩૬ સભ્યોને લઈને અજ્ઞાત સ્થળે ગયા છે અને આવતીકાલે જિલ્લા પંચાયતના ૩૬ સભ્યોને સીધા મતદાન મથકે લવાશે અને ૧ વાગ્યે કાનુંભાઈ મહેતા હોલ મા મતદાન મથકે સીધા લવાશે.

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં આવતીકાલે પ્રમુખ - ઉપપ્રમુખની મુદત પૂર્ણ થતી હોય. પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાવાની હતી. પ્રમુખ બિનહરીફ થયા છે. જયારે ઉપપ્રમુખ માટે આવતીકાલે ચૂંટણી થશે.પ્રમુખ તરીકે પારગી વારકીબેન ચકાભાઇ બિનહરીફ છે. અનુસૂચિત જનજાતિ ભારતીય જનતા પાર્ટી પાસે કોઈ ઉમેદવાર નથી. જયારે કોંગ્રેસ પાર્ટી પાસે ત્રણ ઉમેદવાર હતા. જિલ્લા પંચાયતની બેઠક અનુસૂચિત જનજાતિ માટે મહિલા અનામત માટેની બેઠક હતી. વારકીબેન શિક્ષિત હોવાથી તેમની વરણી થઈ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.



અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અને જિલ્લા ટીચર્સ મંડળીના પ્રમુખ આશિષભાઈ પટેલ અને મંત્રી કમલેશભાઈ પટેલ તેમજ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના નાણામંત્રી વરૂણભાઈ પટેલ દ્વારા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની શુભેચ્છા મુલાકાત લઈ સાકરીયા ભીડભંજન હનુમાનજીદાદાનો ફોટો પ્રતીકરૂપે આપવામાં આવ્યો હતો.

## ડીસામાં અંડર ગ્રાઉન્ડ ગટરના આડેધડ કામથી પ્રજામાં રોષ


### ખાડાઓમાં પાણી ભરાઈ જતા દુકાનો બંધ રાખવાની નોબત

ડીસા નગરપાલિકા દ્વારા જલારામ મંદિરથી અંડર ગ્રાઉન્ડ ગટર લાઈનનું કામ ચાલુ કરવામાં આવ્યું છે પરંતુ સામાન્ય વરસાદના કારણે દુકાનદારો, રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા.

જલારામ મંદિરથી સરદાર બાગ સુધીની અંડર ગટર લાઈનનુ કામ એક મહિના સુધી કોઈ કારણસર બંધ હતું પરંતુ વરસાદી સિઝનમાં ફરી શરૂ કરવામાં આવ્યું છે.પણ જે જગ્યાએ કામ થતું હતું તેની જગ્યાએથી



અન્ય જગ્યાએથી આ કામ ચાલુ કરવામાં આવ્યું છે. તેમાં પણ આડેધડ ખોદકામથી પાણીની પાઈપલાઈન અને વીજ સહિતના જોડાણો તૂટી ગયા હતા.જેના કારણે અહીં નાના ધંધા - રોજગાર દ્વારા પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા દુકાનદારોને ભારે મુશ્કેલીઓ વેઠવવાનો વારો આવ્યો છે.તેમજ અહીંથી પસાર થતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને પણ ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. કોન્ટ્રાક્ટર અને એન્જીનીયર દ્વારા આડેધડ રોડ ઠેક ઠેકાણે ખોદી નાખવામાં આવ્યો છે. અધૂરામાં પૂરું, ગઈકાલે સામાન્ય વરસાદમાં ખાડાઓમાં પાણી ભરાઈ જતા તમામની હાડમારી વધી જવા પામી હતી. ખુદ મજૂરોની હાલત પણ દયનિય બની ગઈ હતી. જ્યારે દુકાનદારોને તો દુકાન બંધ રાખવાની ફરજ પડી હતી. જેથી પાલિકા પ્રત્યે આમ પ્રજાએ રોષ વ્યકત કર્યો હતો.




આજ રોજ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે નીર્મિત મેઢાસણ જિલ્લા પંચાયત વિસ્તારના મેશ્વો નદી પર નાની ઈસરોલ અને રામેશ્વર કંપાને જોડતો પુલનું લોકાર્પણ મેઢાસણ જિલ્લા પંચાયત સદસ્યા શ્રીમતિ કમળાબેન પરમાર તથા કુ. જીગીશા રબારીના વરદ હસ્તે કુમકુમ તિલક સાથે શ્રીફળ વધેરી આ પુલનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે ભાજપાના અગ્રણી પ્રભુદાસભાઈ પટેલ, મોડાસા વિધાનસભાના આગેવાન ભીખુસિંહ પરમાર, મોડાસા તાલુકા સંગઠન મહામંત્રી રમેશભાઈ પટેલ, અંકીકભાઈ પટેલ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ બીપીનભાઈ પટેલ અનું. મોરચા પ્રમુખ દિનેશભાઈ પરમાર, અરવલ્લી જિલ્લા ઠાકોર સમાજ પ્રમુખ મહેન્દ્રસિંહ ઠાકોર, મહેશભાઈ બારોટ તથા ભાજપાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને માલ્યાર્પણ



સ્વામી વિવેકાનંદજી દ્વારા આજના દિવસે શિકાગો ખાતે ધર્મસભા સંબોધવામાં આવી હતી આજે સ્વામી વિવેકાનંદની ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ડીસા ખાતે સ્વામી વિવેકાનંદની મૂર્તિને માલ્યાર્પણ કરી તેમના વિચારોને યાદ કરવામાં આવ્યા. કોરોના મહામારીમાં માસ્ક વિતરણ કરી જાગૃતિ માટેના રથને ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા લીલીઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવામાં આવ્યું હતું. ડીસા શહેર ભાજપ મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ પટેલ, યુવા મોરચા પ્રમુખ રમેશભાઈ રાઠોડ, કિશનભાઈ, કાર્યકર્તાઓ તથા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ડીસા નગર સંયોજક મહેશભાઈ જોષી અને તાલુકા સંયોજક નિકેશભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા લેવાયેલ B.Ed. સેમ ૪નું પેપર રદ કરાયું

કોવીડ ૧૯માં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને દયાનમાં રાખી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧/૯/૨૦૨૦ના રોજ સંકલિત શાળાનું નિર્માણ પેપર ઓનલાઈન લેવામાં આવ્યું, જેમાં પ્રશ્નો વાંચીને વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા, પ્રશ્નો અભ્યાસક્રમ બહારના પૂછ્યા હતા. આથી વિદ્યાર્થીઓના ભવિષ્યને દયાનમાં રાખી યુનિવર્સીટી દ્વારા લેવાયેલ પેપર રદ કરવામાં આવ્યું હતું અને આ પેપર ફરીથી ૧૩/૯/૨૦ના રવિવારના રોજ ૩ કલાકે લેવામાં આવશે.

## અવસાન નોંધ

ભિલોડા તાલુકાના ટોરડા ગામના ગનીભાઈ ગફુરભાઈ મનસુરી (પત્રકાર)ના માતૃશ્રી નુરીબેન મનસુરીનું તા.૧૦/૯/૨૦૨૦ ને ગુરૂવારના રોજ ૧૦૦ વર્ષની જૈફ વયે ટુંકી માંદગી બાદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૩/૧૦/૨૦૨૦ ને રવિવારના રોજ તેઓના નિવાસ સ્થાન ટોરડા ખાતે રાખેલ છે.



## કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગતીથી ધાનેરાના રેલવે પુલનું ડાયવર્ઝન લોકો માટે જીવલેણ

ધાનેરામાં રેલવે પુલનું કામ ગોકળ ગાયની ગતિએ ચાલી રહ્યું છે જેને લઈ ધાનેરાના લોકો તેમજ વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે આ રસ્તા પરથી ભારે વાહનો પસાર ન થાય ન થાય તેમાટે રોડ કોન્ટ્રાક્ટર ધ્વરા ડાયવર્ઝન માટે ઈંગલ લગાવામાં આવી છે પરંતુ આ ઈંગલ સામાન્ય વાહન એડીઈ તો પણ તૂટી જાય છે પોલીસ વાહનચાલકોને દંડ ફટકારે છે એટલે સામાન્ય વાહનચાલાકને વગર વાંકે દંડ ભરવો પડે છે ૬ માસમાં ૧૨ વખત કરતા પણ વધુ વખત આ એંગલ નીચે પડી જવા પામી છે ત્યારે આ એંગલ જો કોઈ લોકો ઉપર પડે તો મોટી જાનહાની સર્જે તો પણ કોઈ નવાઈની વાત નથી. તો બીજી તરફ કામ કરતા મજૂરો પણ જીવન જોખમે કામ કરી રહ્યા છે મજૂરો પાસે નથી હેલ્મેટ, માસ્ક કે સેનિટાઈઝરની વ્યવસ્થા નથી. સાથે સાથે નીચે લોકો અને વાહનો પસાર થઈ રહ્યા છે અને મજૂરો દ્વારા વજનદાર લોખંડ તેમજ સામગ્રી પુલ ઉપર ચડાવતા નજરે ચડે છે. લોખંડ જો નીચે પડે તો ત્યાંથી પસાર થતા લોકોને પણ મોટી ઈજા પહોંચાડી શકે તેમ છે માટે જિલ્લામાં આવેલા નવા કલેક્ટરશ્રી આ બાબતે તપાસ કરાવે અને મોટી જાનહાની સર્જે તે પહેલા આ કોન્ટ્રાક્ટર શાન ઠેકાણે લાવે.